તા. : ૧૬/૪/૨૦૧૫ | દ્વિતીય લેખિત કસોટી - ૨૦૧૫ | સમય : ૮-૦૦ થી ૧૧-૦૦
વાર : ગુરૂવાર | ધોરણ : ૮ | કુલ ગુણ : ૮૦
વિષય : ગુજરાતી

વિદ્યાર્થીનું નામ : ..........................................................................................

શાળાનું નામ : ..........................................................................................

સૂચના : પ્રશ્નોના ઉત્તરો અલગ ઉત્તરવહીમાં લખવાના છે.

---

**પ્રશ્ન : ૧ નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** 16 (10)

(૧) ગાંધીજીના અંગત સચિવનું નામ જણાવો.

(અ) વલ્લભભાઈ પટેલ (બ) મહાદેવભાઈ દેસાઈ (ક) જવાહર લાલ

(૨) હાઈકું કયા દેશનો સાહિત્ય પ્રકાર છે ?

(અ) અમેરિકા (બ) ઈટાલી (ક) જાપાન

(૩) ભાસ્કરરાય એમની પેટીમાં શું લાવ્યા હતા ?

(અ) પુસ્તકો (બ) મીઠાઈ (ક) રમકડાં

(૪) પાડાનું અંગ્રેજી કરવા અંગે કોને મૂંઝવણ હતી ?

(અ) તાર માસ્તરને (બ) છોટુભાઈને (ક) ગોવિંદને

(૫) સ્નેહના સાથિયા ક્યાં અંજાયા છે ?

(અ) આભમાં (બ) આંખોમાં (ક) ભીંત ઉપર

(૬) 'શરૂઆત કરીએ' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(અ) ગીત (બ) મુક્તક (ક) ગઝલ

(૭) આખલાને શેનું ગુમાન હતું ?

(અ) બળનું (બ) શૂરવીરતાનું (ક) લડાયકવૃત્તિનું

(૮) વિદાય થતા ભાઈઓની પત્નીને કવિએ કેવી કહી છે ?

(અ) રૂપાળી (બ)નવોઢા (ક) પ્રિયવચન મંદ સ્મિતવતી

(૯) લેખકે કેટલા કલાક કાંતવાનો સંકલ્પ કર્યો ?

(અ) દોઢ (બ) એક (ક) ત્રણ

(૧૦) 'સુદામો દીઠા શ્રીકૃષ્ણ દેવ રે !' કાવ્યમાં શાનો મહિમા ગવાયો છે ?

(અ) રાજા-રાણીના પ્રેમનો (૨) શ્રીકૃષ્ણ-સુદામાની મૈત્રીનો

(ક) રાજા અને ભક્ત વત્સલનો

**(બ) નીચે આપેલ વાક્યોમાંથી દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દ પ્રયોગ ઓળખી બતાવો. (ગમે તે ચાર)** (4)

(૧) બાળકો છાના માના ફરવા નાસી ગયા.

(૨) વર્ગમાં ગણગણાટ શરૂ થઈ ગયો.



Scanned by CamScanner

(૩) દિયા ટગરટગર મારી સામે જોઈ રહી.

(૪) નક્ષ દડબડ દડબડ દોડે છે.

(૫) ખળખળ વહેતા ઝરણાં પ્રકૃતિને સજીવ બનાવે છે.

**(ક) નીચે દર્શાવેલ શબ્દોના સમાનાર્થી શબ્દ આપો. (ગમે તે બે)** (2)

(૧) વિપત (૨) સેજ્યા (૩) ક્લેશ

**પ્રશ્ન : ૨ (અ) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** 16 (9)

(૧) ગામમાં શી આફત આવી પડી ?

(૨) બેસતાવર્ષે સામાન્યજનોનાં મનમાં કયા વિચારો આવે છે ?

(૩) કવિ શેને રળિયાત કરવાનું કહે છે ?

(૪) 'અવસરનાં તોરણિયાં' દ્વારા કવિ શું કહે છે ?

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** (4)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
| --- | --- |
| (૧) સુદામો દીઠા શ્રીકૃષ્ણ દેવ રે ! | (૧) સૉનેટ |
| (૨) કમાડે ચીતર્યાં મેં | (૨) આખ્યાનખંડ |
| (૩) વળાવી બા આવી | (૩) ગઝલ |
| (૪) શરૂઆત કરીએ | (૪) ગીત |

**(ક) નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો (ગમે તે ત્રણ)** (3)

(૧) સત્યાગ્રહ (૨) ભાષાંતર (૩) મહાત્મા (૪) વાતાવરણ

**પ્રશ્ન : ૩ (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ચાર)** 16 (8)

(૧) કવિ પોતાની જાતને કેવી કરવાનું કહે છે ?

(૨) ઉંબરાને કેવો કહ્યો છે શા ? માટે ?

(૩) અંજન પોતાની માંદગી માટે કોને દોષિત ગણે છે ?

(૪) શ્રીકૃષ્ણને કેટલી પટરાણીઓ હતી ?

(૫) બાબુ સાથે મનુએ ત્રણ કેળાં કેવી રીતે વહેંચીને ખાધાં ?

**(બ) નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.** (4)

છબીલોજી શય્યા, વાંકાબોલી, જાદવરાય, હંસગતિ, ગજગામા

**(ક) નીચે આપેલ વાક્યોમાંથી સાદાં, સંયુક્ત અને સંકુલ વાક્યો અલગ તારવી લખો. (ગમે તે બે)** (4)

(૧) લડાઈ લડવી હોય તો લગ્નમાં મહાલવાનું ન પોસાય.

(૨) ખૂબજ મુશ્કેલ આ કાર્ય હતું છતાં પણ તેમણે કુનેહપૂર્વક પાર પાડ્યું.

(૩) ગાંધીજીએ વલ્લભભાઈને રીતસરનું 'સરદાર'નું બિરુદ આપ્યું હતું.

**પ્રશ્ન : ૪ (અ) નીચે આપેલ વિષયો પૈકી કોઈ એક વિષય પર નિબંધ લખો.** 16 (8)

(૧) સ્વચ્છતા ત્યાં પ્રભુતા (૨) શિયાળાની સવાર (૩) મહાત્મા ગાંધી



Scanned by CamScanner

**(બ) નીચે આપેલ રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ)** ⑥

(૧) કકળાટ કરવો. (૨) ફટકો પડવો

(૩) દળદર ફિટવું (૪) ઘેલું લાગવું

**(ક) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે)** ②

(૧) પુત્રની પત્ની

(૨) તોફાની ઢોરને ગળે બાંધવાનું લાકડું

(૩) બગલમાં થતું ગૂમડું

**પ્રશ્ન : ૫ (અ) નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો.** 16 ⑥

એક શિલ્પી --- મૃત્યુની આગાહી ---- પોતાના જ જેવાં છ પૂતળાં બનાવવાં --- યમદૂતનું આગમન --- મૂંઝવણ --- યમદૂતની યુક્તિ --- 'શિલ્પોની એક ભૂલ છે' એમ બોલવું --- શિલ્પીનો પ્રશ્ન, 'કઈ ભૂલ?' --- 'બસ આજ ભૂલ' --- શિલ્પી પકડાઈ જવો.

<u>અથવા</u>

ગાંધીનિર્વાણ દિન નિમિત્તે તમારી શાળામાં ઉજવાયેલ કાર્યક્રમોનું વર્ણન કરતો પત્ર તમારા મોટાભાઈને લખો.

**(બ) નીચે આપેલ વિચાર-વિસ્તારની સમજૂતિ આપો. (ગમે તે એક)** ④

(૧) વિપત પડેના વલખિયે, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

(૨) ગુણની ઉપર ગુણ કરે, એ તો વેવારાં વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ.

**(ક) નીચે આપેલ શબ્દોના સમાસ ઓળખાવો. (ગમે તે ચાર)** ④

(૧) માથા બૂડ (૨) સેવા પૂજા (૩) સીતારામ

(૪) શિષ્યવૃત્તિ (૫) પવનવેગે

**(ડ) નીચે આપેલ શબ્દોની સાચી જોડણી લખો. (ગમે તે બે)** ②

(૧) વીપત્તી (૨) યક્ષર્કદમ (૩) મુદંગ



Scanned by CamScanner